ગુજરાતમિત્ર

તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૭૩

સંવર્ધક તંત્રી : સ્વ. પ્રવીણકાન્ત ઉત્તમરામ રેશમવાળા.
તંત્રી: મુદ્રક : પ્રકાશક : ભરત પ્રવીણકાન્ત રેશમવાળા.

શેઠ પી. ટી. સુરત જનરલ હોસ્પિટલ
ડૉ. ભટ્ટની હોસ્પિટલ
બાલાજી રોડ, સ્વ. શ્રી કનૈયાલાલ મોદી માર્ગ, સુરત.
ફોન : ૦૨૬૧-૨૫૯૨૦૪૦, ૨૫૯૨૦૪૧, ૨૬૦૪૦૦૦
સરકારશ્રીની "માં કાર્ડ યોજના"
હેઠળ અનુભવી ડૉક્ટર્સ દ્વારા
જનરલ સર્જરી અને ENT સર્જરી
ફ્રી કરવામાં આવે છે.
કેશલેસ અને મેડીક્લેઈમની સેવા ઉપલબ્ધ - ૨૪ કલાક ઈમરજન્સી
સાચા અર્થમાં ટ્રસ્ટ હોસ્પિટલ...

માલિક: ગુજરાતમિત્ર પ્રા.લિ. પ્રકાશન સ્થાન: ગુજરાત સ્ટાન્ડર્ડ પ્રેસ, ગુજરાતમિત્ર ભવન, સોની ફળિયા, સુરત-૩૯૫૦૦૩ । e-mail:mitra@gujaratmitra.in | ટે.નં.: જા.ખ. વિભાગ: ૨૫૯૯૯૯૧, ફેક્સ: ૨૫૯૯૯૯૦, વ્યવસ્થા, તંત્રી વિભાગ: ૨૫૯૯૯૯૨/૩/૪

GUJARATMITRA AND GUJARATDARPAN
Regd.No. SRT-006/2024-26 ★ RNI No.1597/57

વર્ષ: ૧૬૪ * * * સંવત ૨૦૮૨ ભાદરવો સુદ આઠમ શનિવાર ૧૯ સપ્ટેમ્બર, ૨૦૨૬ * * * દૈનિક : ૮૯ - અંક : ૨૭૯

પાનાં ૧૨+૧૨ કિંમત ₹ ૫.૦૦

માનવ નિયંત્રણમાંથી બહાર નીકળવાનો AIનો પ્રયાસ

કેટલાક AI મોડેલ્સે પરવાનગી વગર કામ કર્યું હોય, અન્ય મોડેલ્સ સાથે સાંઠગાંઠ કરી હોય અથવા દેખરેખથી બચવાનો પ્રયાસ કર્યો હોય તેવા કિસ્સાઓ જણાયા.

OpenAIએ એઆઇ મોડેલ્સના ચિંતાજનક વર્તનના છ અહેવાલો રજૂ કર્યા

વોશિંગ્ટન, 18 (AP): આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (AI) સુરક્ષા અંગે ચર્ચા વધુ તીવ્ર બની રહી છે, ત્યારે OpenAIએ AI મોડેલ્સમાં "અણધાર્યા અથવા ચિંતાજનક" વર્તણૂકના છ અહેવાલો જાહેર કર્યા છે. AI કંપનીએ બુધવારે એ પણ જણાવ્યું હતું કે તે જેને મિસઅલાઇનમેન્ટ(કુદરતીકેનિર્ધારિત લક્ષ્યોથી વિપરીત વર્તન) કહે છે,તેવાકિસ્સાઓની ટ્રેકિંગ, તપાસ અને ખુલાસો કરવા માટે એક નવું ફ્રેમવર્ક રજૂ કરી રહી છે.

આમાં એવા કિસ્સાઓ શામેલ છે જ્યાં AI મોડેલ્સે પરવાનગી વગર કામ કર્યું હોય, અન્ય મોડેલ્સ સાથે તાલમેલ સાધ્યો હોય અથવા દેખરેખથી બચવાનો પ્રયાસ કર્યો હોય. OpenAIની આ નવીનતમ જાહેરાત એવા સમયે આવી છે જ્યારે OpenAI અને Anthropic ના વડાઓ સહિત અમેરિકન AI ક્ષેત્રના દિગ્ગજો સુરક્ષા ચિંતાઓને કારણે ટેકનોલોજીના વિકાસની ગતિ ધીમી કરવાની માંગ કરી રહ્યા છે. ઓપનએઆઈના અહેવાલો મુજબ કેટલાક એઆઇ મોડેલોએ પોતાની મર્યાદાઓ છૂપાવવા પ્રયાસ કર્યો હતો તો કેટલાક મોડેલોએ અણધાર્યા શોર્ટકટ અપનાવ્યા હોય તે પ્રકારના કિસ્સાઓ નોંધાયા છે. "મોડેલના

...અનુસંધાન પાના 11 પર

AI મોડેલોએ કયા પ્રકારના વિચિત્ર વર્તનો કર્યા?

OpenAI દ્વારા નોંધવામાં આવેલા નવા કિસ્સાઓમાંથી એકમાં, એક અપ્રકાશિત રિસર્ચ મોડેલે તેની સામાન્ય મર્યાદાઓને અવગણવા માટે તેની પોતાની નોટ્સમાં જેલબ્રેક જેવા સૂચનો ઉમેર્યા હતા અને પોતાને કહ્યું હતું કે તે અન્ય ચેટબોટ્સને બાંધી રાખતી ભૂમિકાઓ અને ઓળખમાંથી મુક્ત થાય. અન્ય એક કિસ્સામાં, એક AI "એજન્ટે" એક પ્રશ્નનો જવાબ શોધવા માટે કમ્પ્યુટર કોડનો ઉપયોગ કર્યો હતો,

આઈફોનના નવા મોડેલ માટે એપલ સ્ટોર્સની બહાર લાઈનો લાગી

ભારત સહિત વિશ્વના અનેક દેશોના શહેરોના એપલ સ્ટોર્સની બહાર લાંબી કતારો જોવા મળી

કેટલાક નેટયુઝરોએ લાઇન લગાડનારાઓની ઠેકડી ઉડાવતા કહ્યું: બ્લિંકઇટ તમને આ ફોન્સ માત્ર ૧૨ મીનિટમાં પહોંચાડી દે છે

જૂના મોડેલોની સરખામણીમાં iPhone 18 Pro અને Pro Maxનું વેચાણ આ વર્ષે પહેલા દિવસે 20-30 ટકા વધુ જણાયું

મુંબઇ, સિંગાપોર, તા. 18: જે ક્ષણની એપલના ફેન્સ આતુરતાથી રાહ જોઈ રહ્યા હતા તે આખરે આવી ગઈ છે - કારણ કે iPhone 18 Pro અને iPhone 18 Pro Maxનું અધિકૃત રીતે વેચાણ શરૂ થઈ ગયું છે.

આ ફ્લેગશિપ ડિવાઇસિસમાં સુધારેલી બેટરી લાઇફ, વધુ પાવરફુલ ચિપ અને ઓલ-ન્યુ મિકેનિકલ એપર્ચર ફીચર સાથે નોંધપાત્ર રીતે અદ્યતન કેમેરા સિસ્ટમ આપવામાં આવી છે. ફોનના બંને મોડેલોની ઉંચી કિંમત છતાં ફેન્સનો ઉત્સાહ ઓછો થયો હોય તેવું લાગતું નથી, જેઓ આજે વહેલી સવારે જ એપલ સ્ટોર્સની બહાર મોટી લાઇનો લગાવીને ઊભા રહી ગયા હતા.

કુઆલાલંપુર, સિડની અને સિંગાપોરના ચિત્રો દર્શાવે છે કે નવા iPhone મેળવનારા પ્રથમ વ્યક્તિ બનવા માટે લોકોની ભારે ભીડ જામી હતી. દરમિયાન, ચીનના હાંગઝોઉમાં તો સ્ટોરની બહાર કાળાબજારિયા પણ રાહ જોઈ રહ્યા હતા, જેઓ ગ્રાહકો પાસેથી iPhone ખરીદવાની ઓફર કરી રહ્યા હતા! નવા iPhones ગયા અઠવાડિયે ક્યુપરટીનો ખાતે યોજાયેલા એક કાર્યક્રમમાં લોન્ચ કરવામાં આવ્યા હતા, પરંતુ તેનું વેચાણ આજથી જ શરૂ થયું છે. ભારતમાં પણ આઇફોનના નવા મોડેલો માટે ખાસ્સો ઉત્સાહ જોવા મળ્યો હતો. મુંબઇ, દિલ્હી જેવા શહેરોમાં એપલના સ્ટોર્સ પર મોટી

...અનુસંધાન પાના 11 પર

નવો આઇફોન ખરીદવા સોનુ વેચ્યું!

નવી દિલ્હી. દિલ્હી નજીક નોઇડામાં પણ નવા આઇફોન ખરીદવા લાઇન લાગી હતી. ત્યાં એક શખ્સે દાવો કર્યો હતો કે તેણે પોતાની પત્ની માટે આઈફોન 18 પ્રો ખરીદવા સોનું વેચ્યું હતું. સવારે 8 વાગ્યે એપલ સ્ટોર ખૂલે તે પહેલાં 'ડીએલએફ મોલ ઓફ ઇન્ડિયા'ની બહાર એક લાંબી લાઇન લાગી ગઇ હતી. લાઇનમાં સૌથી આગળ દિલ્હીનો એક વ્યક્તિ ઉભો હતો જેણે પત્રકારો સાથે વાત કરતા કહ્યું કે તે પોતાની પત્નીને આઇફોન 18 પ્રો ભેટમાં આપવા માંગતો હતો. તેણે કહ્યું, "હું આ મારી પત્ની માટે લેવા આવ્યો છું." તેણે વધુમાં જણાવ્યું કે તેની પત્નીએ તેને બર્ગંડી કલરનો આઇફોન 18 પ્રો લાવવા કહ્યું હતું. તેણે અમને કહ્યું કે તેની પત્ની પહેલા આઇફોન વાપરતી નહોતી અને તે તેને આ અપગ્રેડ ફોન આપવા માંગતો હતો. જ્યારે તેને પૂછવામાં આવ્યું કે તેણે ખાસ કરીને આઇફોન 18 પ્રો માટે જ કેમ રાહ જોઈ, તો તેણે કહ્યું, "આજે પૈસા છે, પહેલા નહોતા, આગળ હશે કે નહીં હોય, બસ આજે અમે જીવી રહ્યા છીએ." તેણે કબૂલ્યું હતું કે સોનુ વેચીને તેણે ફોન ખરીદવા માટે પૈસા ઉભા કર્યા છે.

પ્રવીણભાઈ જેવા ઉમદા માણસ જિંદગીમાં બહુ ઓછા જોયા છે

વિદાયનાં વર્ષો ઉમેરાતાં રહે એ તો કાળની ગતિ છે પણ એ વર્ષો ઉમેરાવાં સાથે જ જેમની સ્મૃતિ અને કાર્યો પ્રબળપણે વર્તમાનમાં ધબકતાં રહે એવા છે 'ગુજરાતમિત્ર'ના સંવર્ધક તંત્રી પ્રવીણકાન્ત રેશમવાળા. આજે તેમની 43મી પુણ્યતિથિ છે ત્યારે તેમની સાથે નિકટનો પરિચય બંધાયેલો એવા રોની વરિયાવા તેમને હૈયું ભરીને યાદ કરે છે. વર્ષો સુધી ન્યૂ ઈન્ડિયા એસ્યોરન્સ કંપનીમાં નાનાથી આરંભી મોટા અધિકારીપદે પહોંચી નિવૃત્ત થયેલા અને યુનિસન ઈન્શ્યોરન્સ બ્રોકિંગ સર્વિસિસ પ્રા. લિમિટેડના ચેરમેન એમિરેટસ એવા રોની વરિયાવાની લાગણી છલકતી સ્મૃતિ પોતે જ પ્રવીણકાન્ત રેશમવાળાના કાર્યની સ્મરણાંજલિ બની છે.

પ્રવીણકાન્ત રેશમવાળા વિશે વાત કરવી મારા માટે બહુ મુશ્કેલ છે. તેમની યાદ આવે ને હું ખૂબ ભાવુક થઈ જાઉં છું. આજે પણ આંખે ઝળઝળિયાં આવી જાય છે. ૧૯૬૪થી હું વીમા ક્ષેત્રે કામ કરું છું અને મારા આ ધંધામાં અનેકના કોન્ટેક્ટમાં આવ્યો પણ પ્રવીણકાન્ત રેશમવાળા જેવા માણસ મળવા અસંભવ. શું ઉમદા માણસ હતા! હું મૂળ સુરતનો પણ ન્યૂ ઈન્ડિયા એસ્યોરન્સમાં શરૂઆત કરેલી મુંબઈથી, તેની બ્રાન્ચ સુરતમાં હતી ને ૧૯૬૭માં ટ્રાન્સફર લઈ અહીં આવ્યો.

ખેર, સુરતમાં નરેન્દ્ર ખાનસાહેબ મારા બ્રાન્ચ મેનેજર હતા. વીમાનું ક્ષેત્ર એવું છે કે તેમાં સતત ધંધો શોધતાં રહેવું પડે, નવા ક્લાયન્ટ મેળવતા રહેવું પડે અને તે વખતે 'ગુજરાતમિત્ર'ના વીમાની જવાબદારી એમણે મને સોંપી અને એથી મને પ્રવીણકાન્ત રેશમવાળાનો પરિચય થયો. દાદર ચડીને તેમના ઘરે પહોંચતો તો તેઓ હીંચકે બેઠા હોય, અમારી વચ્ચે વીમા અંગેની વાત તો મર્યાદિત હોય પણ બીજી જ બધી વાતો વધારે થાય. પછી તો વર્ષોનો સિલસિલો રચાયો એટલે નિયમિત રીતે મળવાનું થયું પણ તમને એક નવાઈ જેવી વાત લાગે તે કહું કે વીમા વિશે આમ તો મારું નોલેજ વધારે હોય પણ તેમના સવાલો એટલા શાર્પ અને વિવિધતાપૂર્ણ હોય કે આપણા મનમાં સવાલ જાગે - આ વિષય મારો છે કે એમનો? દરેક બાબતોમાં ચુસ્તતા, એકદમ પર્ટિક્યુલર અને પળવારમાં વિષય પર પકડ મેળવી લેનારા.

રોની વરિયાવા

અરે, મને યાદ છે કે 'ગુજરાતમિત્ર' માટે નવું મશીન ખરીદાયેલું અને મારે એનો વીમો ઉતારવાનો હતો. ત્યારે મેં જાણ્યું કે એક એન્જિનિયર કરતાં પણ વધારે ડિટેલ સાથે મશીન વિશે એઓ વાત કરી શકે. આપણે તો તેમની સાથે શું વાત કરીએ? હું તો ઓબ્ઝર્વ કરતો રહું અને ખબર પડે કે અખબારની દરેકે દરેક બાબત પર તેમનો ટોટલ કન્ટ્રોલ છે. છાપામાં શું છપાશે, તેની ભાષા કેવી હશે, જે વિગત છે તે બરાબર છે ને? - બધી વાતની કાળજી ચીવટાઈથી રાખે.

રિપોર્ટર જો કોઈ વાત ચૂકી જાય તો સમજો તેઓ તરત પકડી લે. કશું પણ તેમના ધ્યાન બહાર ન જાય અને અચૂક તે રિપોર્ટરે તેમની સાથે ખુલાસાભેર ચર્ચા તો કરવી જ પડે. મતલબ કે એડિટિંગ બાબતથી માંડી મેનેજમેન્ટ અને ટેક્નિકલ બાબતમાં પણ તેમનું પૂરી જાણકારી સાથેનું નિયંત્રણ. કોઈ તેમને બનાવી ન શકે. 'ગુજરાતમિત્ર'ની પ્રતિષ્ઠા મુજબ જ અખબાર બનવું જોઈએ અને આ કારણે જ જ્યારથી અખબાર વાંચતાં થયા ત્યારથી 'ગુજરાતમિત્ર'ની જ ટેવ પડી છે અને તેના કારણમાં પ્રવીણકાન્ત રેશમવાળા છે. તેમની સાથે બંધાયેલો સંબંધ છેવટ સુધી રહ્યો. શરૂમાં પ્રોફેશનલ હતો તે સમય જતાં પર્સનલ થયો અને તે ત્યાં સુધી કે ભરતભાઇનાં લગ્ન ગોઠવાઈ રહ્યાં હતાં ત્યારે એ કન્યા મૂળ નવસારીનાં છે એવી કૌટુંબિક વાતો ય થતી. કુટુંબના પ્રસંગોમાં આપણને પણ પોતાના માણસ તરીકે સ્થાન આપે. એ જ રીતે અમારા કુટુંબ પ્રસંગમાં પણ રેશમવાળા કુટુંબ પર્સનલ અધિકારે હાજર હોય.

એક વખત એવોય સંજોગ આવેલો કે મારા હાથમાંથી 'ગુજરાતમિત્ર'ના ઈન્શ્યોરન્સનું કામ સરકી જાય એમ હતું. કંપનીના જે ઉચ્ચ ઓફિસર હતા તે એમના કુટુંબમિત્ર પણ હતા એટલે તેમની પાસે ધંધો જાય તેમ હતો ને પ્રવીણભાઇએ નિર્ણય લેવાનો હતો. પણ શું વિચક્ષણ નિર્ણાયકતા! તેમણે સ્પષ્ટ રીતે અને દૃઢતાથી કહ્યું કે મારું કામ વરિયાવા કરે છે અને એ જ કરશે. બસ, એક જ વાક્યમાં આખો મામલો ક્લિયર! આ જોઇને હું ગદ ગદ થઇ ગયો ને એમના માટે ખૂબ માન વધી ગયું. આ પ્રકારની દૃઢતા, સ્પષ્ટ વિચારશીલતા બહુ ઓછામાં જોઇ છે. તેમની સાથે વર્ષો સુધી વીમાનું કામ કર્યું. તે દરમિયાન એ પણ જોયું છે કે ક્યારેય કોઇ ખોટા ક્લેમ પાસ ન કરાવે. તેમનો આ નૈતિક વ્યવહાર હતો ને તે હતો એકદમ ચોખ્ખો. કોઇ ગરબડ નહીં અને કહીશ કે 'ગુજરાતમિત્ર'ની આ ટ્રેડિશન આજે પણ ચાલુ જ છે.

'ગુજરાતમિત્ર'ના અધિપતિ તરીકે તેઓ કેવા સજ્જ હતા તે પણ આવા નિર્ણયથી સમજાઇ જાય. મારા માટે તો તેમને ભૂલવા મુશ્કેલ છે. ૧૯૮૩માં તેમણે વિદાય લીધી પણ મારી યાદમાં તો હજુ પણ એવા ને એવા જીવંત છે. આજે પણ ભરત અને રેશમવાળા પરિવાર સાથેનો મારો સંબંધ એટલો જ ગાઢ અને પ્રેમાળ છે.

વડોદરામાં મારા હાથ નીચે સાતસો જેટલા કર્મચારીઓ કામ કરતાં હતાં જેને કારણે મોટા મોટા વિખ્યાત ઉદ્યોગપતિઓ, ઓફિસરો અને મુંબઇમાંના મારી બીજી વારના પોસ્ટીંગ દરમ્યાન હોદ્દાની રૂએ દેશની ઘણી મોટી મોટી કંપનીઓના સુખ્યાત ચેરમેન અને એમ.ડીના નિકટના સંપર્કમાં આવવાનું

...અનુસંધાન પાના 11 પર

નંદીગ્રામ પેટાચૂંટણીમાં મહાસંગ્રામ: એક જ દિવસમાં હાઈવોલ્ટેજ ડ્રામા

નંદીગ્રામ વિધાનસભા બેઠક માટેના તૃણમૂલ કોંગ્રેસના ઉમેદવારે મુખ્યમંત્રી સુવેન્દુ અધિકારીને મળ્યા બાદ અચાનક ઉમેદવારી પાછી ખેંચી

આ ઘટના બાદ મમતાએ કોંગ્રેસના ઉમેદવારને ટેકો જાહેર કર્યો, તે ઉમેદવારની પોલીસે બે દાયકા જૂના કેસમાં ધરપકડ કરી

કોલકાતા, તા. 18(PTI): મમતા બેનર્જીના ઉમેદવાર સંચિતા પ્રધાન ઉર્ફે મુખ્યમંત્રી સુવેન્દુ અધિકારી સાથે મુલાકાત કર્યાના થોડા જ કલાકોમાં ઉમેદવારી પાછી ખેંચી લેતાં નંદીગ્રામ વિધાનસભા પેટાચૂંટણીમાં શુક્રવારે નાટ્યાત્મક વળાંક આવ્યો હતો. આ ઘટનાક્રમ બાદ ભૂતપૂર્વ મુખ્યમંત્રી મમતા બેનર્જીએ કોંગ્રેસના ઉમેદવાર મિલન પ્રધાનને સમર્થન જાહેર કર્યું

...અનુસંધાન પાના 11 પર

મમતા પાસેથી છીનવાયું મૂળ ચૂંટણી ચિહ્ન અને નામ

પશ્ચિમ બંગાળમાં 6 ઓક્ટોબરે યોજનારી બે વિધાનસભા બેઠકોની પેટાચૂંટણી પહેલાં ચૂંટણી પંચે મમતા બેનર્જી અને અરુપ રોયની આગેવાની હેઠળના તૃણમૂલ કોંગ્રેસ (TMC)ના વિરોધી જૂથોને નવા નામ અને ચિહ્ન ફાળવ્યા છે. ચૂંટણી પંચના આદેશ મુજબ, મમતા બેનર્જીના જૂથને 'મમતા ઓલ ઇન્ડિયા તૃણમૂલ કોંગ્રેસ' નામ અને 'ફૂટબોલ ખેલાડી'

...અનુસંધાન પાના 11 પર

તૃણમૂલનું પ્રતિક સ્થગિત કરાયા બાદ રાહુલે મમતાને ફોન કર્યો

મમતા બેનર્જીને તેમણે સ્થાપેલી પાર્ટીના નામ અને પ્રતીકનો ઉપયોગ કરવા પર ચૂંટણી પંચે રોક લગાવ્યા બાદ શુક્રવારે વિપક્ષી નેતાઓએ ભારતીય ચૂંટણી પંચ પર આકરા પ્રહારો કર્યા હતા. આ ઘટનાક્રમ બાદ લોકસભામાં વિપક્ષના નેતા રાહુલ ગાંધીએ ફોન પર ત્વરિત સંપર્ક કરીને મમતા બેનર્જી સાથે વાતચીત કરી એકજૂથતા દર્શાવી હતી. બાદમાં બેનર્જીએ જણાવ્યું હતું

...અનુસંધાન પાના 11 પર

સુપ્રીમ કોર્ટના જજો પોતે NTAની કચેરીની મુલાકાતે જશે

નીટ પેપર લીક અંગે વિવિધ અરજીઓ પર સુનાવણી કરી રહેલી સર્વોચ્ચ અદાલતે કરેલી અસાધારણ જાહેરાત

વારંવાર પેપર લીક થતાં અટકાવવા માટે NTAની સિસ્ટમને મજબૂત બનાવવા પર સુપ્રીમે ભાર મૂક્યો

નવી દિલ્હી, તા. 18 (PTI): NEET પેપર લીકની ઘટનાઓ વારંવાર ન બને તે માટે સિસ્ટમને સંસ્થાકીય રીતે મજબૂત કરવાની જરૂરિયાત પર ભાર મુકતા, સુપ્રીમ કોર્ટે શુક્રવારે એક અસાધારણ સંકેત આપ્યો હતો કે બેંચના ન્યાયાધીશો નેશનલ ટેસ્ટિંગ એજન્સી(NTA) ના અપગ્રેડ કરાયેલા સુવિધાઓની સમીક્ષા કરવા માટે વ્યક્તિગત રીતે તેની મુલાકાત લઈ શકે છે.

NEET-UGની પરીક્ષાનું આયોજન કરતી NTA, જે વારંવાર પેપર લીકની ઘટનાઓને કારણે ઘેરાયેલી રહી છે, તેણે જસ્ટિસ પી.એસ. નરસિમ્હા અને જસ્ટિસ અલોક અરાધેની બેંચને જણાવ્યું હતું કે તેણે સિસ્ટમને સંપૂર્ણપણે સુરક્ષિત કરવા માટે વહીવટી માળખાથી લઈને ઈન્ફ્રાસ્ટ્રક્ચર સુધીની આખી વ્યવસ્થામાં મોટો સુધારો કર્યો છે.

બેંચે મહેતાને કહ્યું, "વારંવાર પેપર લીક થતા અટકાવવા માટે NTAની સિસ્ટમને સંસ્થાકીય રીતે મજબૂત બનાવવી અત્યંત મહત્વપૂર્ણ છે. માત્ર તાત્કાલિક કે અસ્થાયી પગલાં પૂરતા નહીં રહે. તમારે એ સમજવું પડશે કે

...અનુસંધાન પાના 11 પર

NEETમાં સુધારાઓ સૂચવવા રચાયેલી સમિતિ આ મહિનાના અંત સુધીમાં વચગાળાનો અહેવાલ રજૂ કરશે

શરૂઆતમાં, કેન્દ્ર સરકારે બેંચને જણાવ્યું કે NEETમાં માળખાકીય સુધારાઓ સૂચવવા માટે ગઠિત કરાયેલી નંદન નિલેકણીની આગેવાની હેઠળની ઉચ્ચ-સ્તરીય સમિતિએ વ્યાપક પરામર્શ કર્યો છે અને આ મહિનાના અંત સુધીમાં તેનો પ્રથમ વચગાળાનો અહેવાલ રજૂ કરે તેવી શક્યતા છે.

મિન્ટો રોડ પર આવેલી NTAની નવી કચેરીએ જજ ટીમ નિરીક્ષણ કરશે

જસ્ટિસ નરસિમ્હાએ કેન્દ્ર સરકાર વતી હાજર થયેલા સોલિસિટર જનરલ તુષાર મહેતાને જણાવ્યું હતું કે તેઓ અને જસ્ટિસ અરાધે સિસ્ટમની તપાસ કરવા માટે NTAના નવા અપગ્રેડ કરાયેલા પરિસરની મુલાકાત લેવા માંગે છે. જસ્ટિસ નરસિમ્હાએ કહ્યું કે ન્યાયાધીશો દિલ્હીના મિન્ટો રોડ પર આવેલી NTAની ઓફિસે જશે અને જોશે કે સિસ્ટમ ખરેખર કાર્યરત છે કે નહીં, અને તેના મેનપાવર તથા અન્ય વ્યવસ્થાઓનું મૂલ્યાંકન કરશે.

કોલી પોતાની ચાની દુકાનમાં ગળે ફાંસો ખાધેલી હાલતમાં મળી આવ્યો

નિઠારી કાંડના સુરેન્દ્ર કોલીએ આપઘાત કર્યો

2006ના સનસનાટીભર્યા કેસમાં નિર્દોષ છૂટ્યા બાદ હરિદ્વારમાં ચલાવતો હતો ચાની દુકાન

હરિદ્વાર, તા. 18 (PTI): ચર્ચિત અને સનસનાટીભર્યા નિઠારી હત્યાકાંડના કેન્દ્રસ્થાને રહેલા સુરેન્દ્ર કોલી ઉર્ફે 'કોલી' હરિદ્વારમાં પોતાની ચાની દુકાનમાં ગળે ફાંસો ખાધેલી હાલતમાં મળી આવ્યો હતો. નોઇડાના ઉદ્યોગપતિ મોનિન્દર સિંહ પંઢેરના ઘરે રસોઇયા અને ઘરેલુ નોકર તરીકે કામ કરતા કોલી, જે તમામ 13 કેસોમાં નિર્દોષ છૂટ્યા બાદ મુક્ત થયો હતો, તેણે પોતાની ચાની દુકાનમાં ગળે ફાંસો ખાઈને

...અનુસંધાન પાના 11 પર

પીડિતાના પિતાએ આને હત્યા ગણાવી પંઢેરને મુખ્ય ગુનેગાર ગણાવ્યો

સુરેન્દ્ર કોલીના મૃત્યુ સામે સવાલો ઉઠાવતા નિઠારી કાંડના એક પીડિતના પિતા ઝબ્બુ લાલે (64) આપઘાતના એંગલને નકારી કાઢીને આને 'હત્યા' ગણાવી છે. તેમણે કહ્યું, 'જો તેણે જેલમાં આપઘાત કર્યો હોત તો સમજી શકાય કે તે ડિપ્રેશનમાં હતો, પરંતુ જેલમાંથી બહાર આવ્યાના મહિનાઓ પછી તેણે જીવન ટૂંકાવ્યું? બની શકે છે કોલી

...અનુસંધાન પાના 11 પર